# શ્રી સાતગામ કંસારા સમાજ
# ૧૮ મી સામાન્ય સભા અને સંમેલન

**મુખ્ય કાયમી કાર્યાલય :** નારણ લાલા સાંસ્કૃતિક ભવન, ઝવેરી સડક, નવસારી. ફોન : ૯૯૦૯૨૫૯૫૫૨


દિલીપભાઈ રતિલાલ કંસારા – કન્વીનર
મો.: 9860000556

**સંમેલન અંગેનું કાર્યાલય**

કશ્યપ વિજયકુમાર ભરતીયા – કોષાધ્યક્ષ
મો.: 9374928284

કશ્યપ વિજયકુમાર ભરતીયા, ''ધીરજ સ્મૃતિ'', ૪૧૪, નુતન નગર સોસાયટી, ને.હા.નં. ૪૮, કિલ્લા-પારડી, જિ. વલસાડ. મો.: ૯૩૭૪૦૭૮૨૮૧


સુજ્ઞ જ્ઞાતિજનો,

સવિનય નિવેદન કે આપણા શ્રી સાતગામ કંસારા સમાજની ચાર સેવાભાવી સંસ્થાઓ,

(૧) શ્રી કંસારા કેળવણી પ્રચારક મધ્યસ્થ મંડળ
(૨) શ્રી નારણ લાલા પરિવાર સ્થાપતિ શ્રી મોહનલાલ હરકીશનદાસ કંસારા મેડિકલ ટ્રસ્ટ
(૩) શ્રીમતી કાશીબેન પ્રાણજીવનદાસ કંસારા સમાજ કલ્યાણ ટ્રસ્ટ
(૪) શ્રી સાતગામ કંસારા સમસ્ત પંચ

ના ઉપક્રમે તા. ૨૫-૧૨-૨૦૨૨ રવિવાર ના દિને સવારે ૧૦-૦૦ કલાકે હોટલ ફાઉન્ટન્ટ, બેન્કવેટ હોલ, કિલ્લા-પારડી, જિ. વલસાડ મુકામે એક ખાસ સંયુકત સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉપરોકત સભામાં આપણી ચારેય સંસ્થાના ટ્રસ્ટીઓ, પ્રમુખશ્રીઓ, કારોબારી સભ્યો, દાનદાતાઓ અને આદરણીય આમંત્રિત સભ્યોની હાજરીમાં ચારેય સંસ્થાની કાર્યવાહીક ચર્ચા બાદ સમાજના **૧૮મી સામાન્ય સભા અને સંમેલન** તેમજ સમાજના સંગઠનના ૭૫ વર્ષ પુરા થયા તે નિમિત્તે અમૃત મહોત્સવની ઉજવણી પારડી મુકામે **જે. પી. પારડીવાલા આટ્સ એન્ડ કોર્મસ કોલેજ કેમ્પસ, સ્ટેશન રોડ, કિલ્લા–પારડી**માં સંવત ૨૦૮૦ ના **કારતક સુદ સાતમને રવિવાર તા. ૧૯–૧૧–૨૦૨૩** ના શુભ દિને યોજવાનું નકકી કરવામાં આવેલ છે.

સભામાં સંમેલન અંગેની સંપૂર્ણ કાર્યવાહીની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. જેમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે ૧૧ પેટા કમીટીઓની રચના કરી વિવિધ પ્રકારના કાર્ય માટેની સમિતિઓ અને કાર્યભાર સોંપવાનું નકકી કર્યુ હતું. જે માટે દરેક વિભાગમાંથી સામાજીક કાર્યમાં રસ ધરાવતા કાર્યકર્તાઓની યાદી મંગાવવાનું નકકી કરવામાં આવ્યું હતું, જેમનો સમાવેશ પેટા કમીટીમાં કરવામાં આવશે. આ સંમેલનનું ભગીરથ કાર્ય શ્રી કંસારા જ્ઞાતિ સમસ્ત પંચ-પારડીના યજમાન પદે સંપૂર્ણપણે સફળતા પૂર્વક પાર પાડવા સાતગામના ઉત્સાહી કાર્યકર્તાઓની ૧૧ સમિતિઓ બનાવવામાં આવશે, જેમાં ભંડોળ સમિતિ, સ્વાગત સમિતિ, સન્માન સમિતિ, મંડપ સમિતિ, ભોજન સમિતિ, સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિ, સ્મરણિકા સમિતિ, સ્વયંસેવક સમિતિ, સામાજીક રીતરિવાજ સમિતિ, ગ્રંથ/આઇ.ટી. સમિતિ, સરકારી યોજના માર્ગદર્શક/પ્રચાર સમિતિનો સમાવેશ થશે. સભામાં સમાજની ચાર સેવાભાવી સંસ્થાની અનુમતિથી તથા સાતેય વિભાગની સ્વૈચ્છિક જવાબદારી સ્વીકારતા સંપૂર્ણ સહકારની ખાત્રી મળતા આગામી ૧૮મી સામાન્ય સભા અને સંમેલનના ભવ્યાતિભવ્ય આયોજન માટે સંકલન સમિતિના કન્વીનર તરીકે શ્રી દિલીપભાઈ રતિલાલ કંસારાની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. જેમની અધ્યક્ષતા હેઠળ મુખ્ય સંકલન સમિતિ નીમવાની જવાબદારી સોંપવામાં આવી હતી.

દરેક વિભાગના પ્રમુખ તેમજ કારોબારી સમિતિને પોતાના વિભાગમાં સામાન્ય સભા બોલાવી, સંમેલનની જાહેરાત કરી, વિવિધ સમિતિમાં ભાગ લેવા ઈચ્છતા ઉત્સાહિ તેમજ જવાબદાર કાર્યકર્તાઓની યાદી બનાવી, સંકલન સમિતિને પહોંચાડવા સુચન આપવામાં આવ્યું હતું. જેથી આપ સર્વે જ્ઞાતિજનોને નમ્ર ભરી અપીલ છે કે પોતાના વિભાગની સભામાં હાજરી આપી આપશ્રીને રસ પડતા કાર્યમાં ભાગ લેવા પોતાનું નામ નોંધાવશો તેમજ આપશ્રીના વિભાગમાં સંકલન સમિતિની કાર્યવાહીક સભાની તારીખની જાણ થતા આપશ્રી અવશ્ય પધારશો અને સમાજની કાર્યવાહીની નોંધ લઇ આપશ્રીના સુચનો તેમજ યોગદાન આપવા આપશ્રીને નમ્ર ભરી અપીલ છે.

## સંમેલન મહોત્સવની રૂપરેખા

- ૧૮મી સામાન્ય સભા અને સંમેલન કારતક સુદ સાતમને રવિવાર તા. ૧૯-૧૧-૨૦૨૩ના શુભ દિને પારડી મુકામે યોજવામાં આવશે.
- સમાજના બે મુખ્ય સંસ્થાની સ્થાપનાને ૭૫ વર્ષ પુરા થતા આ સંમેલનને અમૃત મહોત્સવ તરીકે ઉજવવાનું નકકી કરવામાં આવ્યું છે.
- સમાજની ચાર સેવાભાવી સંસ્થા (૧) શ્રી કંસારા કેળવણી પ્રચારક મધ્યસ્થ મંડળ, (૨) શ્રી નારણ લાલા પરિવાર સ્થાપતિ શ્રી મોહનલાલ હરકીશનદાસ કંસારા મેડિકલ ટ્રસ્ટ, (૩) શ્રીમતી કાશીબેન પ્રાણજીવનદાસ કંસારા સમાજ કલ્યાણ ટ્રસ્ટ, (૪) શ્રી સાતગામ કંસારા સમસ્ત પંચ ના કાર્યવાહીના આઠ વર્ષ પૂરા થતા સંસ્થાની મુખ્ય કારોબારી રોટેશન પધ્ધતિથી નવા વિભાગોમાં જશે. જેથી નવા પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી અને સહમંત્રી તથા કોષાધ્યક્ષની નિમણૂંક નીચે દર્શાવેલ કોષ્ટક પ્રમાણે કરવાની રહેશે.

| સંસ્થા | પ્રમુખ તથા મંત્રી | ઉપપ્રમુખ તથા સહમંત્રી |
|---|---|---|
| શ્રી કંસારા કેળવણી પ્રચારક મધ્યસ્થ મંડળ | વલસાડ | ગણદેવી / બીલીમોરા |
| શ્રી નારણ લાલા પરિવાર સ્થાપતિ શ્રી મોહનલાલ હરકીશનદાસ કંસારા મેડિકલ ટ્રસ્ટ | નવસારી | બૃહદ મુંબઇ |
| શ્રીમતી કાશીબેન પ્રાણજીવનદાસ કંસારા સમાજ કલ્યાણ ટ્રસ્ટ | તારાપુર | વાપી |
| શ્રી સાતગામ કંસારા સમસ્ત પંચ | | |

- સંમેલનમાં સમાજમાં ૭૫% થી વધુ મેળવી પાસ થયેલ ગ્રેજ્યુએટ, શિક્ષણ સિવાયની અન્ય પ્રવૃત્તિઓ જેમ કે લલીત કળા, રમત-ગમત જેવી જિલ્લા કક્ષા કે તેથી ઉપરની કક્ષાએ સિધ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓ, ૫૧ વખતથી વધુ રક્તદાન કરનાર વ્યકિતઓ, આંતર રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય ક્ષેત્રે ઉદ્યોગોમાં પ્રામાણિકતા મેળવેલ જ્ઞાતિજનો, સમાજની ચાર સેવાભાવી સંસ્થામાં સેવા આપતા સમાજની સુવર્ણ જયંતિ મહોત્સવ (૧૯૯૩ થી ૨૦૨૩) અમૃત જયંતિ મહોત્સવ સુધીમાં સેવા આપતા જીવંત અને દીવંગત ટ્રસ્ટીઓ, પ્રમુખ તથા મંત્રીઓનું સન્માન સન્માન સમિતિ દ્વારા કરવામાં આવશે.
- આપ સૌ માહિતગાર જ છો કે સમાજની ચારેય સેવાભાવી સંસ્થાઆનું સંચાલન કરવા અને એમાથી જ જરૂરિયાત મંદોને સહાય તેમજ મદદરૂપ થવા માત્ર ઉદાર દાન દાતાઓ તરફથી મળેલ રકમ થાપણમાં મુકી માત્ર એના વ્યાજની રકમમાંથી કરવામાં આવે છે. તો આ સંમેલનમાં ભંડોળ સમિતિ દ્વારા ઉદાર દાતાઓ તરફથી દાનની અપેક્ષા રાખતા જરૂરિયાત મંદોને વધુ સહાય આપી શકાય તેવા પ્રયત્નો કરવામાં આવશે.
- યુવા વર્ગને ધ્યાનમાં રાખી મનોરંજન તેમજ બાળકોના ઉત્સાહને વધારવા માટે સાંસ્કૃતિક સમિતિ દ્વારા વિભાગવાર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.
- સ્મરણિકા સમિતિ દ્વારા સ્મરણિકામાં સંપૂર્ણ સંમેલનનો અહેવાલ, ઉદ્‌બોધનો, સમાજના ઉદાર કોર્પસ દાન-દાતાઓનો અહેવાલ તેમજ દાન-દાતાના પરિવારનો ફોટો અથવા સંદેશ તેમજ શ્રધ્ધાંજલિ, ઔધોગિક જાહેરાતો, શુભેચ્છા સંદેશો એકતા કરી સ્મરણિકામાં પ્રસારિત કરવામાં આવશે.
- સમાજની નવી પેઢીને તાતણે બાંધી રાખવા તેમજ મોંઘવારીના યુગમાં બીનજરૂરી ખર્ચાઓને રોકવા માટે જુનવાણી રીત-રીવાજોમાં સુધારણા કરી અંધશ્રધ્ધાના વિષયોને તાળવાનો પ્રયત્ન રીત-રીવાજ સમિતિ દ્વારા કરવામાં આવશે.
- મહેરબાન સરકારશ્રી દ્વારા દરેક ભારતીય નાગરિક માટે અલગ અલગ રીતે ઉપયોગી થઇ પડે એવી યોજનાઓ બહાર પાડવામાં આવેલ છે. જેનાથી આપણો સમાજ ઘણો વંચિત છે. સરકાર દ્વારા વિદ્યાર્થીઓ માટે, વરિષ્ઠ નાગરિકો માટે, વિધવા મહિલાઓ માટે, નવજાત શિશુઓ માટે, ઉદ્યોગીક કારકિંદી માટે, આરોગ્યલક્ષી સુવિધાઓ જેવી અનેક યોજનાઓ કાર્યરત છે. આ સેવાઓનો લાભ લેવા માટેની યોગ્ય માહિતી અને કાર્યવાહીમાં મદદરૂપ થવા માટે સરકારી યોજના માર્ગદર્શક/પ્રચાર સમિતિ દ્વારા કરવામાં આવશે.
- સંમેલનના ભગીરથ કાર્યને સફળતા પૂર્વક પાર પાડવા માટે સ્વાગત સમિતિ, મંડપ સમિતિ, ભોજન સમિતિ તથા સ્વયંસેવક સમિતિ દ્વારા સંપૂર્ણ સભામંડપમાં જરૂરિયાતમંદ સગવડો, ભોજનની વ્યવસ્થાઓ તેમજ ઉપર દર્શાવેલ દરેક સમિતિને મદદરૂપ થઇ કાર્યને સફળ બનાવશે.
- સંમેલન મહોત્સવના દિવસે મધ્યાન્હ અને રાત્રી ભોજનની વ્યવસ્થા કરવામાં આવી છે. સર્વે શુભેચ્છક સભ્યોને પ્રવેશપાસના નકકી કરેલ શુભેચ્છક દાનની રકમ આપી સ્થાનિક પંચના પ્રમુખશ્રી પાસેથી અચુક મેળવી લેવા વિનંતી છે. પ્રવેશ પાસ / ભોજન પાસના વિતરણની સંપૂર્ણ જવાબદારી જેતે વિભાગના પંચ પ્રમુખને સોંપવામાં આવી છે.

## સંમેલન મહોત્સવ માટે નાણાંકીય પ્રબંધ તથા સંસ્થાકિય ભંડોળ માટે ભંડોળ સમિતિની રૂપરેખા

૧૮ મી સામાન્ય સભા અને સંમેલનના ખર્ચને પહોંચી વળવા માટે સમાજમાંથી ભંડોળ એકત્ર કરવાની અને વધારાનું ભંડોળ જરૂરતમંદ સંસ્થાઓને અર્પણ કરવાની તમામ સત્તા સંમેલન સંકલન સમિતિ દ્વારા ભંડોળ સમિતિને આપવામાં આવી છે. તેમજ ભંડોળ એકત્ર કરવા નીચે મુજબની યોજના નકકી કરવામાં આવી છે.

| | |
|---|---|
| સભા સંમેલન ફંડ | : રૂા. ૫૦૦૦૦૦/- અને તેની ઉપરનું દાન આપનાર વ્યકિત/પરિવારને જેતે સંસ્થાના સભા સંમેલન સ્પોન્સર તરીકે સંબોધવામાં આવશે. જેઓ કાયમી દાતા તરીકે સંબોધવામાં આવશે અને જેઓનું નામ સંમેલનના સ્ટેજની બાજુમાં શુભેચ્છક તરીકે દર્શાવવામાં આવશે. (આ દાતાશ્રીઓએ તેમની દાનની રકમનું ૪૦% દાન (રૂા. ૨૦૦૦૦૦) સંમેલનના ૧૦ દિવસ અગાઉ જમા કરાવવાની રહેશે. તેમજ બાકીની રકમ તબકકેવાર માર્ચ ૨૦૨૫ પહેલા 30% (રૂા. ૧૫૦૦૦૦/-) તથા માર્ચ ૨૦૨૬ પહેલા 30% (રૂા. ૧૫૦૦૦૦) જમા કરાવવાની રહેશે. |
| કોર્પોસ ફંડ | : રૂા. ૧૦૧૦૦૦/- અને તેની ઉપરનું દાન આપનાર વ્યકિત/પરિવારને જેતે સંસ્થાના કોર્પોસ ડોનર્સ તરીકે સંબોધવામાં આવશે. જેઓ કાયમી દાતા ગણાશે. (ભંડોળ સમિતિને આપનું ઉદાર દાનની નોંધણી કરો ત્યારે ઓછામાં ઓછું રુા. ૧૧૦૦૦/- નું દાન જમા આપવાનુ રહેશે. ત્યારબાદ બાકીની રકમ સંમેલનના દિનથી ૪૮ મહિનામાં તબકકેવાર - નવેમ્બર ૨૦૨૭ સુધીમાં જમા કરાવવાની રહેશે.) |
| અમૃત મહોત્સવ ફંડ | : રૂા. રૂા. ૫૧૦૦૦/- નું દાન આપનાર અમૃત મહોત્સવ સ્પોન્સર ગણાશે. (સ્મરણીકામાં ફેમીલી/વડવાઓના ફોટા અડધા કલર પાના માટે લેવામાં આવશે.) |
| સભા - મંડપ સ્પોન્સર | : રૂા. ૫૧૦૦૦/- નું સભા-મંડપ સ્પોન્સર રૂપે દાન આપનાર (ફકત એક જ દાતા) દાતાની ઇચ્છાનુસાર સભા-મંડપ ગૃહનું નામકરણ કરવામાં આવશે. |
| સ્વાગત સભ્ય સ્પોન્સર | : રૂા. ૧૧૦૦૦/- અને તેની ઉપરનું દાન આપનાર આ મહોત્સવના સ્વાગત સભ્ય ગણાશે. (સ્મરણીકામાં પાસપોર્ટ સાઇઝ ફોટો લેવામાં આવશે.) |
| શુભેચ્છક સભ્ય (પ્રવેશ પાસ ધારક) | : રૂા. ૧૦૦/- આપનાર આ મહોત્સવના શુભેચ્છક સભ્ય ગણાશે. |

નોંધ : સંમેલનમાં સભા સંમેલન ફંડ ડોનર તેમજ કોર્પસ ફંડ ડોનરઓને સન્માનિત કરવામાં આવશે તેમજ સ્મરણિકામાં તેમની ઇચ્છા અનુસાર શુભેચ્છક જાહેરાત અથવા પરિવારનો ફોટો છાપવામાં આવશે. (ફુલ કલર પેજની જાહેરાત લેવામાં આવશે.)
સંમેલન માટેના અમૃત મહોત્સવ સ્પેન્સર, સભા - મંડપ સ્પોન્સર - દાતા, સ્વાગત સભ્ય સ્પોન્સર ના દાન સંમેલનના ૧૦ દિન અગાઉ જમા કરાવવાના રહેશે.

## INCOME TAX BENEFIT UNDER SECTION 80G

સમાજના દરેક માનવંતા દાન દાતાઓને જણાવતા આનંદ થાય છે કે આપણા સમાજની દરેક સંસ્થાઓ સરકાર દ્વારા કલમ **80G** ની માન્યતા મેળવેલ છે. તો જે કોઇ દાન દાતાઓ પોતાના દાનની રકમ સંસ્થાને ચેકથી અથવા બેંક ટ્રાન્સફરથી જમા કરાવશે તેવા દરેક દાન દાતાઓને સરકારશ્રી દ્વારા આવક વેરામાં **80G** ના લાભો મેળવી શકશે.

* નોંધ : રોકડ દાન આપનાર દાન દાતાઓ કલમ **80G** નો લાભ મેળવવા પાત્ર રહેશે નહી. *

- મહોત્સવમાં ભાગ લેનાર જ્ઞાતિજનોએ વ્યકિત દીઠ રૂા. ૧૦૦/- આપી શુભેચ્છક સભ્ય બનવું ફરજીયાત છે. ૧૦ વર્ષથી નીચેના બાળકોને એમાંથી મુકિત આપવામાં આવી છે. તા. ૩૦/૧૦/૨૦૨૩ સુધીમાં જ્ઞાતિજનોએ પાસ મેળવી લેવા, ત્યારબાદ રૂા. ૧૫૦/- ચુકવવાના રહેશે. સમાજનો દરેક જ્ઞાતિજન મહોત્સવમાં ગૌરવભેર ભાગ લઇ શકે અને પોતાનું યોગદાન આપી શકે તે માટે શુભેચ્છક સભ્ય ફી રાખવામાં આવી છે.
- સંમેલનના તૈયારીના ભાગરૂપે તેમજ સંસ્થાકિય ભંડોળ મેળવવા માટે ભંડોળ સમિતિના સભ્યો આપના વિભાગમાં ભંડોળ એકત્ર કરવા પધારશે. સૌ જ્ઞાતિજનોને વિનંતી કે સંસ્થાના ભગીરથ કાર્યમાં ઉદાર હાથે દાન આપી સમાજની સંસ્થાને આર્થિક રીતે મજબુત કરી સમાજના કલ્યાણ અને ઉજ્વળ ભવિષ્યમાં સહભાગી બનશોજી.

## સન્માન સમિતિની રૂપરેખા

- સંમેલન દરમ્યાન સમાજના દરેક વિદ્યાર્થી યુવક-યુવતિએ તા. ૧૫/૧૧/૨૦૧૫ થી તા. ૩૧/૦૮/૨૦૨૩ સુધીમાં જે કોઇ વિદ્યાર્થી/વિદ્યાર્થીની ડિગ્રી/ડિપ્લોમા/ગ્રેજ્યુએશન/પોસ્ટ ગ્રેજ્યુએશન તથા એથી ઉપરના કોર્ષમાં ૭૫% તેથી વધુ મેળવી પાસ થયેલ હોય તેવા દરેકનું સન્માન કરવામાં આવશે.
- શૈક્ષણિક સિવાયના ક્ષેત્રમાં તા. ૧૫/૧૧/૨૦૧૫ થી તા. ૩૧/૦૮/૨૦૨૩ સુધીમાં જે કોઇ વિદ્યાર્થી/વિદ્યાર્થીની લલિતકળા, રમત-ગમત, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા, કળા-કારીગીરી કે અન્ય ક્ષેત્રોમાં સિધ્ધિ મેળવેલ વિદ્યાર્થીઓના સન્માન કરવામાં આવશે.
- કોરોના-૧૯ મહામારીના કપરા કાળમાં સેવા આપનાર પ્રાથમિક સેવા કાર્યોમાં જોડાયેલ કાર્યકતાઓ- મેડિકલ, પેરા મેડિકલ તેમજ સમાજના જરૂરીયાત મંદ પરિવારો માટે સંસ્થાઓને દાન આપનાર દાન દાતાઓનું, ૫૧ વખતથી વધુ રક્તદાન કરનાર વ્યકિતઓનું સન્માન કરવામાં આવશે.
- ઉધ્યોગીક ક્ષેત્રે રાષ્ટ્રીય તેમજ અંતરરાષ્ટ્રીટ કક્ષાએ સરકારી તેમજ પ્રચલિત સંસ્થા દ્વારા સન્માન સિધ્ધિ મેળવનાર એકમોનું સન્માન કરવામાં આવશે.
- સમાજની ચાર સેવાભાવી સંસ્થામાં સેવા આપતા સમાજની સુર્વણ જયંતિ મહોત્સવ (૧૯૯૩ થી ૨૦૨૩) અમૃત જયંતિ મહોત્સવ સુધીમાં સેવા આપતા જીવંત અને દીવંગત ટ્રસ્ટીઓ, પ્રમુખ તથા મંત્રીઓનું સન્માન કરવામાં આવશે.
- તા. ૧૫/૧૧/૨૦૧૫ થી તા. ૩૧/૦૮/૨૦૨૩ સુધી સમય કરતાં વહેલી લોન વસુલાત આપનાર વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓનું સંમેલનમાં સન્માન કરવામાં આવશે.
- દરેક જ્ઞાતિજનોને અગત્યની સુચના અને વિનંતી કે આપશ્રી અથવા આપના પરિવારમાંથી ઉપર મુજબના સન્માન પાત્ર વ્યકિતનું સન્માન માટેનું અરજી ફોર્મ આપશ્રીના વિભાગના પ્રમુખ અથવા સન્માન સમિતિના સભ્યો પાસેથી લઇ તા. ૩૧-૦૮-૨૦૨૩ સુધીમાં પહોંચાડી દેવા વિનંતી.
- તા. ૩૧-૦૮-૨૦૨૩ પછી મળેલ કોઇપણ અરજી ફોર્મ સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોંધ લેવી.

## સ્મરણિકા સમિતિની રૂપરેખા

સ્મરણિકા સમિતિ દ્વારા સંમેલન બાદ સ્મરણિકાનું પ્રકાશન કરવામાં આવશે. જેમાં સંમેલનનો સંપૂર્ણ અહેવાલ તેમજ ફોટો તથા મુખ્ય મહેમાનો તથા અતિથિ વિશેષોના ઉદબોધન તેમજ કોર્પસ ડોનર્સના પરિવારજનોના ફોટો તેમજ શુભેચ્છા સંદેશ, સુવિચારોનું પ્રકાશન કરવામાં આવશે. સ્મરણિકામાં જ્ઞાતિજનો તેમજ અન્ય કોઇપણ વેપારી તેમજ સંસ્થા પોતાની જાહેરાતની અરજી કરી પ્રકાશન કરાવી શકશે. જેની સત્તા સ્મરણિકા સમિતિની રહેશે. સ્મરણિકામાં જાહેરાત આપનાર વ્યકિતએ પોતાની ડી.ટી.પી. ફાઇલ /સીડી/હાર્ડ કોપી અથવા વીઝીટીંગ કાર્ડ અરજી ફોર્મમાં જોડવાનું રહેશે. અથવા ઇ-મેઇલથી કોરલ-ડ્રોની ફાઇલ મોકલવાની રહેશે. (E-mail : sungraphics.pardi@gmail.com)

આપના વ્યવસાયની જાહેરાત/શુભેચ્છા/પરિવારનો ફોટોગ્રાફ તથા શ્રધ્ધાંજલિ આપવા માટે આપના વિભાગના પ્રમુખ તેમજ સ્મરણિકા સમિતિના સભ્યોનો સંપર્ક કરી ફોર્મ ભરી તા. ૨૨-૧૧-૨૦૨૩ સુધીમાં જમા કરવા વિનંતી.

### ફોટોગ્રાફસ સાઇઝ અને દરો નીચે મુજબ છે.

| પાનાની સાઇઝ | ફોટોગ્રાફસની સાઇઝ | સીંગલ કલર | રંગીન |
|---|---|---|---|
| ૧/૬ | ૨'' × ૩'' | રૂા. ૭૦૦/- | રૂા. ૩૦૦૦/- |
| ૧/૪ | ૩'' × ૪'' | રૂા. ૧૦૦૦/- | રૂા. ૩૭૫૦/- |
| ૧/૨ | ૪'' × ૬'' | રૂા. ૧૮૫૦/- | રૂા. ૭૫૦૦/- |
| આખું પાનું | ૬'' × ૮'' | રૂા. ૩૭૫૦/- | રૂા. ૧૨૫૦૦/- |

### જાહેરાતના દરો નીચે મુજબ છે.

| પાનાની સાઇઝ | સીંગલ કલર | રંગીન |
|---|---|---|
| ૧/૪ | રૂા. ૧૧૦૦/- | રૂા. ૩૦૦૦/- |
| ૧/૨ | રૂા. ૨૨૫૦/- | રૂા. ૬૦૦૦/- |
| આખુ પાનું | રૂા. ૪૫૦૦/- | રૂા. ૧૧૨૫૦/- |
| છેલ્લું પાનું | ------- | રૂા. ૧૫૦૦૦/- |
| બીજું પાનું | ------- | રૂા. ૧૫૦૦૦/- |

**સ્મરણિકા છાપકામના ખર્ચ માટે દરેક વિભાગને નીચે મુજબનો લક્ષ્યાંક આપવામાં આવ્યો છે જેથી સ્મરણિકા છાપકામના ખર્ચને સહેલાઇથી પહોંચી વળી શકાય.**

| વિભાગ | નવસારી | ગણદેવી–બીલીમોરા | વલસાડ | પારડી | વાપી–દમણ | તારાપુર | બૃહદ મુંબઇ |
|---|---|---|---|---|---|---|---|
| લક્ષ્યાંક રૂપિયા | ૭૫,૦૦૦/- | ૩૫,૦૦૦/- | ૩૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- | ૨૫,૦૦૦/- | ૩૫,૦૦૦/- | ૨૦,૦૦૦/- |

ફોટોગ્રાફસ અને જાહેરાત માટેનો ચેક ''**શ્રી સાતગામ કંસારા સમસ્ત પંચ**'' ના નામે સ્વીકારશો. જેમની રકમ ચેક યા કેશથી આવી ગઇ હોય તેમના જ ફોટોગ્રાફ અને જાહેરાત છાપવામાં આવશે. પરજ્ઞાતિની પા, અડધી અને આખા પાનાની જાહેરાત સ્વીકારવામાં આવશે પરંતુ જેમની આખા પાનાની જાહેરાત આવી હશે તેમને જ સ્મરણિકા પુસ્તક આપવામાં આવશે.

ફોટાનું છાપકામ સારૂ આવે તે માટે પોસ્ટકાર્ડ સાઇઝનો ફોટોગ્રાફ અથવા સીડી પર સુચના લખી ફોટોગ્રાફ જરૂરથી આપવા વિનંતી.

**સંમેલનના દિવસે વ્યવસાય તથા શુભેચ્છક તરીકે દર્શાવવા ઇચ્છતા જ્ઞાતિજનોના બેનર પ્રદર્શિત કરી શકશે.**

**૧. બેનર સાઇઝ ૫ * ૩ = ૧૫૦૦/–**

**૨. બેનર સાઇઝ ૬ * ૪ : ૨૫૦૦/–**

## સાંસ્કૃતિક કાર્યક્રમ સમિતિની રૂપરેખા

યુવા વર્ગને ધ્યાનમાં રાખી મનોરંજન તેમજ બાળકોના ઉત્સાહને વધારવા માટે સાંસ્કૃતિક સમિતિ દ્વારા વિભાગવાર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. જેના નિયમો નીચે મુજબ છે.

૧. દરેક ગામને ત્રણ કૃતિ માટે થઈ ૨૦ મીનીટનો સમય ફાળવવામાં આવેલ છે. નવસારી ગામમાં જ્ઞાતિજનોની વસ્તી વધુ હોવાથી તેમને ૪૦ મીનીટ ફાળવવામાં આવેલ છે. માટે થઈને કુલ ૨૪ કૃતિઓનો સમાવેશ કરવામાં આવશે.

૨. દરેક વિભાગ દીઠ ફકત એક ચેન્જરૂમની વ્યવસ્થા કરવામાં આવશે.

૩. સાંસ્કૃતિક કૃતિનો ક્રમ સાંસ્કૃતિક સમિતિ દ્વારા નકકી કરવામાં આવશે, જેથી કરી આગામી કૃતિઓના સભ્યોએ પૂર્વ તૈયારી રાખવાની રહેશે.

૪. નાયબ સરકારશ્રીના કાયદા હેઠળ લાઉડ સ્પીકર અને માઇકની પરવાનગી રાત્રે ૧૧-૦૦ વાગ્યા સુધીની જ હોય છે. તેને ધ્યાનમાં રાખી વહીવટી તંત્રએ લાઉડ સ્પીકર અને માઇક બંધ કરવાની ફરજ પડે તો તેને દરેક વિભાગે સ્વીકારવાની રહેશે.

૫. સાંસ્કૃતિક કાર્યક્રમની કૃતિઓમાં ફકત દેશ ભકિત, ધર્મ પ્રચાલીત કૃતિઓ, ફોક ડાન્સ કૃતિ જેવી કૃતિઓનો સમાવેશ કરવામાં આવશે. ફિલ્મીગીતો/બિભત્સ શબ્દોવાળા ગીતોનો/ફયુઝન સોંગ સમાવેશ કરવામાં આવશે નહી. અન્યથા કરવાની જરૂર પડે તો સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષને ગીતોનો પુરો ઉલ્લેખ કરી લેખીત પરવાનગી લેવાની રહેશે. એમનો નિર્ણય દરેક વિભાગે સ્વીકારવાનો રહેશે.

૬. દરેક વિભાગે કૃતિ દીઠ સીડી અથવા પેન ડ્રાઇવ લાવવા વિનંતી અને કૃતિના સમયે બેક સ્ટેજમાં જવાબદાર વ્યકિતને સોંપવી.

૭. બાળકોની કૃતિને પ્રથમ રાઉન્ડમાં સમાવેશ કરવામાં આવશે.

૮. સંમેલનમાં સાંસ્કૃતિક કાર્યક્રમનો મુળ હેતુ સમાજના યુવાધનને એકઠુ કરી અને ટીમવર્ક વધારવાનો હોય છે, તેને અનુલક્ષી કોઈપણ વિભાગને સોલોકૃતિ રજુ કરવા દેવામાં આવશે નહીં, જેતે વિભાગના સાંસ્કૃતિક કાર્યક્રમના પ્રતિનિધિને વિનંતી કરવામાં આવે છે કે શકય એટલા વધારે યુવા-યુવતિઓને પ્રેરીત કરી કાર્યક્રમમાં ભાગ લેવા માટે પ્રોત્સાહિત કરે.

૯. સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવા માટે સ્ટેજની સાઇઝ ૩૦ × ૪૫ ફુટની રહેશે.

૧૦. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સમય સંજોગને ધ્યાનમાં રાખી, કાર્યક્રમમાં કોઈપણ ફેરફાર કરવાની સત્તા સંપૂર્ણપણે સંકલન સમિતિની રહેશે.

## સ્વાગત, મંડપ અને ભોજન સમિતિની રૂપરેખા

૧. સંમેલનમાં આવનાર દરેક જ્ઞાતિજનો તથા આમંત્રિત મહેમાનોનું સ્વાગત કરી, રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ તેઓની બેઠક વ્યવસ્થાની જવાબદારી સ્વાગત સમિતિની રહેશે.

૨. આમંત્રિત મુખ્ય મહેમાનો તથા અતિથિ વિશેષને સન્માનિત અને મંચસ્ત્વ કરવાની જવાબદારી સ્વાગત સમિતિની રહેશે.

૩. સંમેલન માટેના સભામંડપ, ભોજન મંડપ, રસોડા મંડપ, સ્ટોલ્સ, ચેન્જરૂમ તથા તેને લગતી લાઇટ, પંખા, સીસીટીવી, સાઉન્ડ, જનરેટર જેવી અન્ય સુવિધાઓ ઉપલબ્ધ કરવાની જવાબદારી મંડપ સમિતિની રહેશે.

૪. સંમેલન માટેના સ્થળની ઉપલબ્ધી કરાવી તેની પરવાનગીઓ, માઇક અને સાઉન્ડની પરવાનગીઓની જવાબદારી તેમજ સીકયુરીટી ગાર્ડસ કોન્ટ્રાકટર, મંડપ કોન્ટ્રાકટર, લાઈટીંગ એન્ડ સાઉન્ડ કોટ્રાકટરને નિયુકત કરવાની સત્તા મંડપ સમિતિની રહેશે.

૫. સંમેલનના દિવસે સવારના ચા-નાસ્તો, મધ્યાહન ભોજન તેમજ રાત્રી ભોજનની જવાબદારી ભોજન સમિતિની રહેશે.

૬. ભોજન સમિતિને લગતા કાર્યો જેવા કે મેનુ નકકી કરવું, ભોજન પાસનું વેચાણ, કેટ્રીંગ કોન્ટ્રાકટરની નિયુકિત વગેરેની જવાબદારી ભોજન સમિતિની રહેશે.

## સ્વયંસેવક સમિતિની રૂપરેખા

૧. સ્વયંસેવક સમિતિના વિભાગીય પ્રતિનિધી તેમજ સ્વયંસેવકોએ આગલે દિવસે એટલે કે તા. ૧૮-૧૧-૨૦૨૩ દિને સાંજે સ્થળ ઉપર એટલે કે જે. પી. પારડીવાલા આર્ટ્સ એન્ડ કોર્મસ કોલેજ, પારડી મુકામે એકત્રીત થવું. કોઇ કારણોસર જો ના આવી શકાય તો સંમેલનના દિવસે (૧૯-૧૧-૨૦૨૩, રવિવાર) સવારે ૭-૩૦ કલાકે પહોંચી પોતાની હાજરી નોંધાવી કાર્યભાર સંભાળી લેવો.

૨. સ્વયંસેવક સમિતિના વિભાગીય પ્રતિનિધી પોતાના વિભાગના સ્વયંસેવકોના મુખ્ય સ્વયંસેવક કહેવાશે. દરેક સ્વયંસેવકોએ પોતાને સોંપવામાં આવેલ કામગીરી નિષ્ઠા અને ખંતથી અદા કરવાની રહેશે.

૩. દરેક સ્વયંસેવકોએ શિસ્તમાં રહી વિવેકપૂર્ણ રીતે વર્તવાનું રહેશે. સ્વયંસેવકોએ પોતાનો બિલ્લો ફરજીયાત લગાવવાનો રહેશે.

૪. સંમેલન પ્રસંગે વ્યવસ્થા જાળવવા પાંચ કાર્યક્ષેત્ર નકકી કરવામાં આવ્યા છે. (૧) મુખ્ય મંચ (૨) સભામંડપ ગૃહ (૩) ભોજન કક્ષ (૪) કાર્યાલય (૫) અન્ય તાત્કાલીન સેવા. જેને જે કોઇ કાર્યક્ષેત્રમાં કામગીરી સોંપવામાં આવી હોય તે જ વિભાગમાં સ્વયંસેવકોએ પોતાની કામગીરી બજાવવાની રહેશે.

૫. પોતાની કામગીરી દરમ્યાન જો કોઇ પ્રશ્ન ઉપસ્થિત થાય તો જે તે સ્વયંસેવકો મુખ્ય સ્વયંસેવકને મળી પ્રશ્ન હલ કરવાનો રહેશે. જે તે વિભાગમાં રહેલી સાધન - સામગ્રીની જાળવણી તથા ઉપયોગ વ્યવસ્થિત રીતે કરાવવાની રહેશે.

૬. દરેક સ્વયંસેવકોએ પોતાને સોંપવામાં આવેલી જવાબદારી નિર્ધારીત સમય સુધી પુરેપુરી અદા કરવાની રહેશે. પોતાને સોંપવામાં આવેલ કામગીરી અને કાર્યવાહી પુરી થયેથી પોતાના વિભાગના મુખ્ય સ્વયંસેવકને મળ્યા બાદ જવાનું રહેશે.

૭. સંમેલનમાં ભાગ લેનાર સૌ અબાલ-વૃધ્ધ આપણા જ જ્ઞાતિજનો અને સગા સ્નેહીજનો છે. માટે પૂર્ણ આદર રહી તેઓની સગવડતા અને સલામતી જાળવવી આપણી ફરજ છે. ચાલો, આપણે સૌ આપણા આ સંમેલન પ્રસંગને ગૌરવવંતો બનાવીએ.

૮. સંપૂર્ણ સંમેલનના કાર્યક્રમને સફળ બનાવવા માટે સ્વયંસેવક સમિતિએ દરેક સમિતિને મદદરૂપ થવાનું રહેશે. સ્વયંસેવક સમિતિના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષની જવાબદારી નેજા હેઠળ દરેક સમિતિને જરૂરિયાત મુજબ સ્વયંસેવકો ફાળવવાના રહેશે.

## સામાજીક રિત–રિવાજ સમિતિની રૂપરેખા

સામાજીક રિત-રિવાજ સમિતિ દ્વારા સમાજની મહિલા વર્ગ તેમજ વડિલોને વિશ્વાસમાં લઇ સમાજમાં ચાલી આવેલ કુરિવાજો તેમજ અંધશ્રધ્ધાના વિષયો પર જાગૃતિ લાવી આજની યુવા પેઢીને બિન જરૂરી ખર્ચા માંથી મુકત કરવા તેમજ સમાજ અને ધાર્મિક શ્રધ્ધા સાથે જોડાઇ રહેવાના સંઘર્ષમાં મદદરૂપ થવા ભાગ ભજવશે. સમાજમાં ચાલી આવેલ પરંપરાગત બિનજરૂરી લૌકિક રીવાજોનો બહિસ્કાર કરી સમાજને નવી દિશા આપવાનું કામ કરશે.

## ગ્રંથ / આઇ.ટી. સમિતિની રૂપરેખા

ગ્રંથ અને આઇ.ટી. સમિતિનો મુખ્ય ઉદ્દેશ સમાજનો ઓનલાઇન પરિચય ગ્રંથ જાળવવાનો રહેશે. જે માટે જ્ઞાતિજનોએ પોતાના વિભાગના ગ્રંથ તથા આઇ.ટી. સમિતિના પ્રતિનિધિને ૯૦ દિવસ દરમ્યાન નીચે જણાવેલ સંજોગોમાં માહિતી પુરી પાડવાની રહેશે.

૧. પરિવારમાં નવજાત શીશુનો જન્મની નામ, સમય તથા બ્લડગૃપની નોંધણી કરાવવી.

૨. પરિવારમાં મૃત્યુ પામેલ વ્યકિતની નોંધણી.

૩. પરિવારમાં દિકરીના લગ્ન બાદ પોતાના ગામમાંથી નામ કમી કરાવવું તેમજ સ્થળાંતર થયેલ કન્યાનું વરપક્ષના વિભાગમાં નામ નોંધણી કરાવવું.

૪. સમયઅંતરે કામધંધા અર્થે અથવા અન્ય કોઇ સંજોગોમાં સ્થળાંતર થતા જ્ઞાતિજનોએ પોતાના વિભાગમાંથી નામ કમી કરી બીજા નવા વિભાગમાં નોંધણી કરાવી હોય તો તેની જાણ સમિતિને કરવાની રહેશે.

૫. સમાજની વોટસએપ, એસ.એમ.એસ. તથા ઇ મેલ સેવામાં નોંધાવેલ નંબરો/ઇમેલ આઇ.ડી.માં ફેરફાર થયા હોય તો તેની જાણ સમિતિને કરવાની રહેશે.

૬. જે કોઇ વિદ્યાર્થી મિત્રોએ અભ્યાસ ક્ષેત્રે ઉચ્ચ કાર્યસિધ્ધિ મેળવી હોય અને ગ્રંથમાં પોતાના અભ્યાસ ક્રમમાં ફેરફાર કરાવવા ઇચ્છતા હોય તો તેમણે ફાઇનલ માર્કસીટ સાથે સમિતિને જાણ કરવાની રહેશે.

## સરકારી યોજના માર્ગદર્શન સમિતિની રૂપરેખા

સરકારશ્રી દ્વારા સમયાંતરે સમગ્ર દેશવાસીઓ માટે વિવિધ પ્રકારની યોજનાઓ જાહેર કરવામાં આવે છે. જેનાથી આપણો સમાજ ઘણો વંચીત અને અપરિચિત છે. સરકારશ્રી દ્વારા વિવિધ પ્રકારની યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના, આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી જીવન જયોતિ બિમા યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા બિમા યોજના, બાજપાઇ બેન્કેબલ યોજના, રાઇટ ટુ એજયુકેશન, બેટી બચાવો બેટી પઢાઓ, સુકન્યા યોજના, સ્ટાટર્પ ઇન્ડીયા જેવી અનેક ઔધોગિક, શૈક્ષણિક, આરોગ્ય તેમજ નાણાંકિય મદદ યોજનાઓ ચાલે છે જેનો લાભ આપણા સમાજના પરિવારોને પણ ઉપલબ્ધ થઇ શકે, જેનું માર્ગદર્શન તેમજ પ્રક્રિયા માટે સમિતિ મદદરૂપ થશે.

સંમેલન મહોત્સવ પ્રસંગે પધારી સંમેલનના સહભાગી અને સહાભૂત બની મહોત્સવને શાનદાર-યાદગાર અને ગૌરવવંતો બનાવવા સમગ્ર સાતગામ કંસારા સમાજના સર્વે જ્ઞાતિજનોને અમારી આગ્રહ ભરી વિનંતી છે.


લિ.

આપના સહકારી

## ૧૮ મી સામાન્ય સભા અને સંમેલન સંકલન સમિતિ વતી

**શ્રી દિલીપભાઇ રતિલાલ કંસારા**
કન્વીનર

**શ્રી કશ્યપ વિજયકુમાર ભરતીયા**
કોષાધ્યક્ષ



**સંમેલન અંગેના સભા સંમેલન ફંડ તથા કોપર્સ ફંડ સિવાયના અન્ય કોઇપણ દાન, સ્મરણિકામાં જાહેરાત માટે કે અન્ય કોઇપણ દાન માટે ‘‘શ્રી સાતગામ કંસારા સમસ્ત પંચ’’ ના નામે ચેક આપવાનો રહેશે.**

Sun Graphics Pardi 9825107192

# મુખ્ય સંકલન સમિતિ

| | |
|---|---|
| ૦૧. શ્રી મહેશભાઈ મોહનલાલ કંસારા (પ્રમુખ ટ્રસ્ટી - કેળવણી મંડળ) - નવસારી | Mob.: 9824100870 |
| ૦૨. શ્રી દિલીપભાઈ રતિલાલ કંસારા (ટ્રસ્ટી - કેળવણી મંડળ) - તારાપુર | Mob.: 9860000556 |
| ૦૩. શ્રી પ્રકાશભાઈ પ્રાણજીવનદાસ ભરતીયા (ટ્રસ્ટી - કેળવણી મંડળ) - પારડી | Mob.: 9825999569 |
| ૦૪. શ્રી હેમંતભાઈ કાંતિલાલ કંસારા (ટ્રસ્ટી - કેળવણી મંડળ) - વલસાડ | Mob.: 9825731391 |
| ૦૫. શ્રી હિતેશભાઈ સુભાષચંદ્ર કંસારા (ટ્રસ્ટી - કેળવણી મંડળ) - મુંબઈ | Mob.: 9819832661 |
| ૦૬. શ્રી કશ્યપ વિજયભાઈ ભરતીયા (પ્રમુખ - કેળવણી મંડળ) - પારડી | Mob.: 9374928284 |
| ૦૭. શ્રી તેજશ વિનોદચંદ્ર ભરતીયા (મંત્રી - કેળવણી મંડળ) - પારડી | Mob.: 9979311183 |
| ૦૮. શ્રી યુજીસભાઈ હર્ષદરાય કંસારા (ઉપપ્રમુખ - કેળવણી મંડળ) - વલસાડ | Mob.: 9328178910 |
| ૦૯. શ્રી કપીલભાઈ ધનસુખલાલ કંસારા (સહમંત્રી - કેળવણી મંડળ) - વલસાડ | Mob.: 9328902455 |
| ૧૦. શ્રી જયેશભાઈ અશ્વિનભાઈ કંસારા (પ્રમુખ ટ્રસ્ટી - સાતગામ) - વાપી | Mob.: 9824181981 |
| ૧૧. શ્રી અશ્વિનભાઈ દામોદરદાસ કંસારા (ટ્રસ્ટી - સાતગામ) - તારાપુર | Mob.: 9765396999 |
| ૧૨. શ્રીમતી નૂતનબેન પ્રમોદચંદ્ર કંસારા (ટ્રસ્ટી - સાતગામ) - નવસારી | Mob.: 9427946101 |
| ૧૩. શ્રીમતી મયુરીબેન નયનકુમાર ઘડિયાળી (ટ્રસ્ટી - સાતગામ) - પારડી | Mob.: 8460815735 |
| ૧૪. શ્રી દશરથભાઈ ચંદ્રકાંતભાઈ કંસારા (પ્રમુખ - સાતગામ) - વાપી | Mob.: 9824375797 |
| ૧૫. શ્રી સ્નેહલભાઈ ભૂપેન્દ્રભાઈ કંસારા (મંત્રી - સાતગામ) - વાપી | Mob.: 9998292562 |
| ૧૬. શ્રી ભરતભાઈ મોહનલાલ કંસારા (પ્રમુખ ટ્રસ્ટી - મેડિકલ ટ્રસ્ટ) - નવસારી | Mob.: 9824156299 |
| ૧૭. શ્રી જયેશભાઈ મગનલાલ કંસારા (ટ્રસ્ટી - મેડિકલ ટ્રસ્ટ) - નવસારી | Mob.: 9824121129 |
| ૧૮. શ્રી રોહિતભાઈ રતિલાલ ભરતીયા (ટ્રસ્ટી - મેડિકલ ટ્રસ્ટ) - પારડી | Mob.: 9879573179 |
| ૧૯. શ્રી પ્રકાશભાઈ રવિન્દ્રભાઈ કંસારા (ટ્રસ્ટી - મેડિકલ ટ્રસ્ટ) - વલસાડ | Mob.: 9824137174 |
| ૨૦. શ્રી નરેશભાઈ ભોગીલાલ કંસારા (ટ્રસ્ટી - મેડિકલ ટ્રસ્ટ) - બીલીમોરા - ગણદેવી | Mob.: 9879789145 |
| ૨૧. શ્રી મયુરભાઈ વિજયભાઈ કંસારા (પ્રમુખ - મેડિકલ ટ્રસ્ટ) - નવસારી | Mob.: 9898243587 |
| ૨૨. શ્રી અમિતભાઈ પ્રમોદચંદ્ર કંસારા (મંત્રી - મેડિકલ ટ્રસ્ટ) - નવસારી | Mob.: 9824545011 |
| ૨૩. શ્રી ભુપેન્દ્રભાઈ મદનલાલ કંસારા (પ્રમુખ ટ્રસ્ટી - સમાજ કલ્યાણ) - નવસારી | Mob.: 9824146662 |
| ૨૪. શ્રી હરીશભાઈ ભોગીલાલ કંસારા (ટ્રસ્ટી - સમાજ કલ્યાણ) - બીલીમોરા - ગણદેવી | Mob.: 9879785045 |
| ૨૫. શ્રી વિનોદચંદ્ર હરિલાલ ભરતીયા (ટ્રસ્ટી - સમાજ કલ્યાણ) - પારડી | Mob.: 9925556314 |
| ૨૬. શ્રીમતી જ્યોતિબેન શૈલેષભાઈ કંસારા (પ્રમુખ - સમાજ કલ્યાણ) - મુંબઈ | Mob.: 9820661569 |
| ૨૭. શ્રી ચંદ્રકાંતભાઈ ગમનલાલ કંસારા (મંત્રી - સમાજ કલ્યાણ) - મુંબઈ | Mob.: 9769621629 |